Surat Municipal Corporation
e-Magazine
Issue 45
March 31, 2006

## સુરત મહાનગરપાલિકા દ્વારા " વિશ્વ ક્ષય દિન " ની વિશિષ્ટ રીતે થયેલ ઉજવણી




**૨૪મી માર્ચે સમગ્ર વિશ્વમાં વિશ્વ ક્ષય દિનની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ૮ધજફ૯ દ્વારા આ દિવસ માટે ખાસ સૂત્ર આપવામાં આવે છે. આ વર્ષે ૨૦૦૬નું સૂત્ર છે** " DOTS for ALL, ALL for DOTS " **સદર સૂત્રને અનુલક્ષીને સમાજના તમામ લોકોને મફતક વિષે માહિતગાર કરવા તથા તમામ લોકોને સાથે લઈ સુરત મહાનગરપાલિકામાં વિવિધ લોકજાગૃતિનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.....**

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નેચરપાર્ક અને પ્રાણીસંગ્રહાલય

**પ્રાકૃતિક ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય ૮૧ એકર જમીનના વિસ્તારમાં સરથાણા ખાતે સ્થાપવામાં આવેલું છે. તે સુરત કામરેજ માર્ગ ઉપર અને તાપી નદીના ઉપરવાસમાં ડાબા કિનારે સ્થિત છે. જે સુરત રેલ્વે અને બસ સ્ટેશન તેમજ રાષ્ટ્રિય ધોરી માર્ગ–૮ (અમદાવાદ–મુંબઈ)ની ૮ કિ.મી. દૂર આવેલું છે. આ ખાતાનું સંચાલન ઝૂ સુપ્રિન્ટેન્ડન્ટની સીધી દેખરેખ અને વડપણ હેઠળ થાય છે. પ્રાણી સંગ્રહાલયનો ઉદેશ અને ધ્યેય લુપ્ત થતી, જંગલી પશુ/પક્ષીઓની પ્રજાતિઓને બચાવવા માટે ફકત જાગૃતિ લાવવા માટે જ નહિ, પરંતુ આ જાતિઓને નૈસર્ગિક વાતાવરણમાં રાખી, સંવર્ધન કરાવી, સંખ્યા વધારી તેમની જાતિ લુપ્ત થતાં રોકવાનો છે. જેથી આવનાર પેઢી દર પેઢીમાં આ જાનવરો પ્રત્યેની ભાવના અને લાગણી સતત જીવતી રાખી શકાય.....**

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા " વિશ્વ  ક્ષય દિન " ની વિશિષ્ટ રીતે થયેલ ઉજવણી

૨૪મી માર્ચે સમગ્ર વિશ્વમાં વિશ્વ ક્ષય દિનની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ધ્વારા આ દિવસ માટે ખાસ સૂત્ર આપવામાં આવે છે. આ વર્ષે ૨૦૦૬નું સૂત્ર છે :–

" DOTS for ALL, ALL for DOTS "




સદર સૂત્રને અનુલક્ષીને સમાજના તમામ લોકોને મફતક વિષે માહિતગાર કરવા તથા તમામ લોકોને સાથે લઈ સુરત મહાનગરપાલિકામાં વિવિધ લોકજાગૃતિનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

1. સુરત મહાનગરપાલિકાના RNTCP સ્ટાફ, STD Care Project સ્ટાફ, GSNP+, IMA, FPA, રેલ્વે હોસ્પીટલ મેડીકલ ઓફિસર, સ્મીમેર મેડીકલ કોલેજ અને અન્ય સંસ્થાઓના હોદેદારોની સંયુકત રેલીનું પ્રસ્થાન માનનીય ડે. મેયરશ્રી ડો. સુષ્મા અગ્રવાલનાં હસ્તે રેલવે સ્ટેશનથી કરવામાં આવ્યું હતું. અને શહેરના મુખ્ય માર્ગ પર વિશિષ્ટ સૂત્રોચ્ચાર ધ્વારા સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠયો હતો. રેલીમાં  ડે. મેયરશ્રી ઉપરાતં સ્ટેન્ડીંગ ચેરમેન રણજીત ગીલીટવાલા, આરોગ્ય સમિતિ ચેરમેન ડો. જગદીશ પટેલ, રૂગ્ણાલય સમિતિ ચેરમેન વર્ષાબેન રાણા, ડે. કમિશનર ડો. આઈ. સી. પટેલ, આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ, સીટી ટીબી ઓફિસર ડો. કે. એન. શેલડીયા તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ હાજર રહયા હતા.
2. તા. ૨૩–૩–૨૦૦૬ના રોજ સુરત મહાનગરપાલિકાનાં પાંચ ટીબી યુનિટ હિરાબાગ હેલ્થ સેન્ટર, ઉધના હેલ્થ સેન્ટર, સોનીફળીયા હેલ્થ સેન્ટર, રાંદેર હેલ્થ સેન્ટર તથા કતારગામ હેલ્થ સેન્ટર ખાતેથી " ડોટસ પ્રચાર યાત્રા "  કાઢી હતી. જેમાં શહેરનાં તમામ ઝોનને આવરી લેવામાં આવ્યા હતા અને વિવિધ સ્થળોએ હેન્ડબીલ–સ્ટીકરનું વિતરણ જાહેર માર્ગો પર કરવામાં આવ્યું હતું. તદુપરાંત જાહેર ચાર રસ્તા પર ટ્રાફિક સીગ્નલો પાસે " ડોટસ " વિશેનાં સ્કુટર કવરો લગાવી વિશિષ્ટ રીતે પ્રચાર કરી સફળતાપૂર્વક લોકોનું ધ્યાન ખેચ્યું હતું.
3. " વિશ્વ ક્ષય દિન " ની પૂર્વ સંધ્યાએ ૨૩ મી માર્ચના રોજ આરોગ્ય કાર્યકરો અને વિવિધ સંગઠનોના સહકારથી ચોકબજાર ખાતે " ડોટસ લોગો " પર મીણબતી પ્રગટાવવામાં આવી હતી તથા મીણબતીનાં અગ્ની ધ્વારા ટીબીરૂપી રાક્ષસનું પ્રતિક દહન શાબ્દિક રીતે કર્યુ હતું તથા સૂત્રોચ્ચાર ધ્વારા સમગ્ર વિસ્તાર ગજવી મુકયો હતો.
4. વિશ્વ ક્ષય દિન નિમિત્તે રાજય સરકાર ધ્વારા આરોગ્ય મંત્રીના પ્રમુખપદે યોજવામાં આવેલ કાર્યક્રમમાં તમામ  " ડોટસ " સ્ટાફ બે બસ ધ્વારા રવાના કરવામાં આવેલ.

TOP

## નેચરપાર્ક અને પ્રાણીસંગ્રહાલય

પ્રાકૃતિક ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય ૮૧ એકર જમીનના વિસ્તારમાં સરથાણા ખાતે સ્થાપવામાં આવેલું છે. તે સુરત કામરેજ માર્ગ ઉપર અને તાપી નદીના ઉપરવાસમાં ડાબા કિનારે સ્થિત છે. જે સુરત રેલ્વે અને બસ સ્ટેશન તેમજ રાષ્ટ્રિય ધોરી માર્ગ–૮ (અમદાવાદ–મુંબઈ)ની ૮ કિ.મી. દૂર આવેલું છે. આ ખાતાનું સંચાલન ઝૂ સુપ્રિન્ટેન્ડન્ટની સીધી દેખરેખ અને વડપણ હેઠળ થાય છે.

પ્રાણી સંગ્રહાલયનો ઉદેશ અને ધ્યેય લુપ્ત થતી, જંગલી પશુ/પક્ષીઓની પ્રજાતિઓને બચાવવા માટે ફકત જાગૃતિ લાવવા માટે જ નહિ, પરંતુ આ જાતિઓને નૈસર્ગિક વાતાવરણમાં રાખી, સંવર્ધન કરાવી, સંખ્યા વધારી તેમની જાતિ લુપ્ત થતાં રોકવાનો છે. જેથી આવનાર પેઢી દર પેઢીમાં આ જાનવરો પ્રત્યેની ભાવના અને લાગણી સતત જીવતી રાખી શકાય.

પ્રાકૃતિક ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલયમાં હાલમાં સંગ્રહ કરી મુલાકાતીઓ માટે ખુબ જ નૈસર્ગિક વાતાવરણમાં રાખવામાં અને પ્રદર્શન કરવામાં આવેલ પશુ/પક્ષીઓમાં મુખ્યતઃ સ્તનધારીઓમાં વાઘ, સિંહ, દિપડાઓ, સ્લોથ બીયર, હિમાલયન રીંછ, હિપ્પોપોટેમસ (દરિયાઈ ઘોડા), ઝરખ, શિયાળ, શાહુડી, રીસસ અને બોનેટ વાંદરાઓ કાળિયાર, સાબર, ચૈસિંગા, હોગ ડીયર (પાડો), મણીપુર ડીયર, જળ બિલાડી, ચીતલ, નીલ ગાયનો સમાવેશ થાય છે. જયારે સરીસૃપ વર્ગમાં વિવિધ જાતનાં મગરો, ઘડિયાલ, કાચબા અને પક્ષીવર્ગમાં ઈમુ, કસૌરી, કાકાકૌઆ, સુરખાબ, પેલિકન, મોટો હંસ (ફલેમિંગો), સારસ ક્રેન, વિવિધ જાતના ફિજન્ટ, લોરીકીટ અને પેરાકીટ, બતક જેવા પક્ષીઓનો સમાવેશ થાય છે. જે ચોકકસ સહેલાણીઓનું મન મોહી લઈ, તેની મુલાકાત ચિરસ્મરણીય બનાવી રાખવા સક્ષમ છે.

### ખાસ આકર્ષણ :–

- વિવિધ જંગલી પ્રજાતિઓ, સરીસૃપ અને પક્ષીઓનો ખુલ્લા પિંજરાઓમાં મુલાકાતીઓ માટે પ્રદર્શન.
- નૈસર્ગિક, જૈવિક વિવિધતાની સાથે જંગલ વાતાવરણમાં સહેલગાહની અનુભૂતિ કરાવતું રસમય સ્થળ.
- પ્રાણી સંગ્રહાલયની સહેલગાહ માટે ખુબ જ રાહત દરે બેટરી સંચાલિત (૧૬ સીટવાળી) પ્રદૂષણ અને ધ્વનિ રહિત આરામદાયક બસોની સુવિધા.
- શૈક્ષણિક સંસ્થા તેમજ ગ્રુપમાં આવતાં વિદેશી મુલાકાતીઓને ઝૂ ગાઈડની સુવિધા.
- પ્રાણી સંગ્રહાલયની સહેલગાહ માટે માંગણી થયેથી વિકલાંગ વ્યકિત/બાળક માટે વ્હીલચેરની સુવિધા.

### ઝૂ ખાતે કરવામાં આવતી ખાસ પ્રવૃતિઓ :–

- ૧૪ અને ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન પશુ કલ્યાણકારી પખવાડીયાની ઉજવણી.
- ૨૧ મી માર્ચ વિશ્વ વન દિવસની ઉજવણી નિમિત્તે પર્યાવરણના રક્ષણને લગતી ઘનિષ્ઠ કામગીરીનું પ્રદર્શન.
- ૨ થી ૮ ઓકટોબર દરમ્યાન વન્ય જીવ પ્રાણી સપ્તાહની ઉજવણી નિમિત્તે નાના બાળકો ઉમર વર્ષ–૧૦ સુધીનાંને મફત પ્રવેશ.

### પ્રવેશના કલાકો :–

(એપ્રિલ ૧ લી થી માર્ચ ૩૧ મી સુધી).....સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી.

દર સોમવારે પ્રાણીસંગ્રહાલય બંધ રહે છે.

### ટેલીફોન નંબર :–

પ્રાણી સંગ્રહાલય : ૦૨૬૧–૨૫૭૫૬૧૧/૨૫૭૮૦૩૬

TOP